*This Question Paper contains 8 printed pages.*
*(Sections - A, B, C & D)*

Sl.No. 329611

# 01(G)

(MARCH, 2020)

*Time : 3 Hours]* *[Maximum Marks : 80*

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 32 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ – A

1) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [4]

| (અ) ગદ્ય કૃતિ | (બ) સાહિત્ય પ્રકાર |
|---|---|
| 1) ચોપડાની ઈન્દ્રજાળ | (અ) એકાંકી |
| 2) વાઈરલ ઈન્ફેક્શન | (બ) નવલિકા |
| 3) ભૂલી ગયા પછી | (ક) આત્મકથા-ખંડ |
| 4) જન્મોત્સવ | (ડ) લઘુકથા |
| | (ઈ) નિબંધ |



For More Papers Visit www.VisionPapers.in

2) **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [2]

1) નીના બહેને પોતાના પતિ સંજય પાસે શું માગ્યું?

2) દેવજી અને કાનજી નવજાત બાળકને કોની પાસે લઈ ગયા?

3) **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.** [6]

1) ડાંગના આદિવાસીઓની મરણને ઉજવવાની રીત લેખકને કેવી લાગે છે?

2) શ્રીમદ્‌ની જીવદયા અને કરુણા કયાં પ્રસંગમાંથી પ્રગટ થાય છે?

3) લેખક અને તેમની ટુકડીએ હિમનદી ઓળંગવા માટે શું કર્યું?

અથવા

3) ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ, કારણ કે........

4) **નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો.** [8]

1) રાતો ચોપડો ફાડી નાખવા પાછળ લેખકનું મનોમંથન કેવું હતું?

2) 'ભૂખથીય ભૂંડી ભીખ' વાર્તાના આધારે દુષ્કાળની ભયાનકતા તમારા શબ્દોમાં લખો.

અથવા

2) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

## વિભાગ – B

5) **નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [4]

| (અ) પદ્ય કૃતિ | (બ) કર્તા |
|---|---|
| 1) વતનથી વિદાય થતાં | (અ) રાવજી પટેલ |
| 2) માધવને દીઠો છે ક્યાંય? | (બ) અશોક ચાવડા 'બેદિલ' |
| 3) દીકરી | (ક) હરિન્દ્ર દવે |
| 4) એક બપોરે | (ડ) જયંત પાઠક |
| | (ઈ) ગની દહીંવાલા |



For More Papers Visit www.VisionPapers.in

**6) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [2]**

1) સકળ લોકમાં કોણ તીર્થ સ્વરૂપે છે?

2) મારગની ધૂળને કવિ શું પૂછે છે?

**7) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. [6]**

1) 'ઊછરે છે રોજ કાયમથી ફડકમાં દીકરી' એમ કવિ શા માટે કહે છે?

2) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે?

3) 'ચાંદલિયો' લોકગીતમાં કાવ્યનાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે?

અથવા

3) "હું મારી માટીનો જાયો, હું ગુર્જર અવતાર મારે શિર ભારતમાતાની આશિષનો વિસ્તાર".

કાવ્યની આ પંક્તિઓનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

**8) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. [8]**

1) 'શીલવંત સાધુ' તમે કોને કહેશો તે કાવ્યના આધારે જણાવો.

2) 'શિકારીને' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

અથવા

2) 'દિવસો જુદાઈના જાય છે' ગઝલમાં કવિની મનોસ્થિતિ તમારા શબ્દોમાં વર્ણવો.



For More Papers Visit www.VisionPapers.in

## વિભાગ – C

**માગ્યા પ્રમાણે ઉત્તર લખો.** [20]

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

9) નીચેના બે શબ્દોની સાચી જોડણી શોધીને લખો. [1]

નીયમીત (નિયમીત,નિયમિત,નીયમિત)

વાત્સ્લ્ય (વાત્સલ્ય,વાલ્સત્ય,વાત્સત્ય)

10) પરિ+નામ – શબ્દની સાચી સંધિ જોડો [1]

(પરીણામ, પરિણામ, પર્યનામ)

11) 'લોકગીત' શબ્દનો સમાસ ઓળખાવો. [1]

(તત્પુરૂષ, દ્વન્દ્વ,મધ્યમપદ લોપી)

12) યોગ્ય જોડકું જોડો. [1]

| (અ) | (બ) |
|---|---|
| 1) કર્તરિ વાક્ય રચના | (અ) મારાથી એ કામ છોડી દેવાયું. |
| 2) કર્મણિ વાક્ય રચના | (બ) મયૂરને હસવું આવ્યું. |
| | (ક) હું એ દિવસોનાં સ્વપ્નાં જોઉં છું. |



For More Papers Visit www.VisionPapers.in

13) 'વિશ્વરાજે ફરીથી ઊંચે જોયું , એક હાસ્યબાણ છોડયું.' - વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો.[1]

(સજીવારોપણ અલંકાર, અનન્વય અલંકાર, રૂપક અલંકાર)

14) 'પાલનહાર' શબ્દમાં ક્યો પ્રત્યય રહેલો છે? [1]

(પૂર્વ-પ્રત્યય, પર-પ્રત્યય,એકપણ પ્રત્યય નહિ)

15) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [1]

1) ઉમળકો (આળસ,ઉમંગ,ઊભરો)

2) પય (દૂધ,પાયલ,પગ)

16) 'ઋષિકા' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. [1]

(દ્રવ્ય વાચક સંજ્ઞા, ભાવવાચક સંજ્ઞા, વ્યક્તિવાચક સંજ્ઞા)

**નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

17) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો. [1]

હળવા ફૂલ થઈ જવું.

18) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. [1]

ઉતાવળે આંબા ન પાકે.

19) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. [1]

જન્મ દિવસ નિમિત્તે ઉજવાતો ઉત્સવ.



For More Papers Visit www.VisionPapers.in

20) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો. [1]

ભય

21) બંને શબ્દના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો. [1]

સૂર - સુર

22) નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ લખો. [1]

વાળું

23) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

એ નાજુક કન્યાનું નામ રાધા હતું.

24) નીચેના વાક્યમાંથી ક્રિયા વિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો. [1]

સૌંદર્યો પામતાં પ્હેલાં સૌંદર્ય બનવું પડે.

25) 'દેવિકા' શબ્દના ધ્વનિઘટકો (સ્વર વ્યંજન) છૂટા પાડો. [1]

26) નીચેના વાક્યની પ્રેરક વાક્ય રચના બનાવો. [1]

મયૂર પૂજા કરે છે.

27) નીચેની પંક્તિનો છંદ ઓળખાવો. [1]

દીપકના બે દીકરા, કાજળને અજવાશ;
એક કપૂત કાળું કરે, બીજો દિયે પ્રકાશ.

28) પૃથ્વી છંદનું બંધારણ જણાવો. [1]



For More Papers Visit www.VisionPapers.in

## વિભાગ – D

**29) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થ વિસ્તાર કરો. [4]**

મારા થકી જ મોલ, એવું વાવને હું પદ આવિયું;

પણ બોલ્યા વિના જ વેણ, ઓલ્યાં વાદળ વરસે વાવમાં.

અથવા

કામધેનુને મળેના એક સૂકું તણખલું;

ને લીલાં છમ ખેતરો આખલા ચરી જાય છે.

30) તમારી શાળામાં યોજાયેલ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. **[4]**

**31) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]**

''કુદરતમાં ફરતી વખતે માણસને કેવો આનંદ આવે છે એના ઉપરથી એનામાં સુખી થવાની ક્ષમતા કેટલી છે, તે જાણી શકાય છે. માણસ મૂળભૂત રીતે એક પ્રાણી છે અને પ્રાણીઓનું સાચું સ્થાન કુદરતમાં છે. પાંજરામાં રહેલું પક્ષી સલામત જરૂર છે, પરંતુ એના જેવા જ બીજા કુદરતના ઊડતાં, ગાતાં પક્ષીઓ જેવું એ સુખી નથી હોતું. જે વ્યક્તિ ઉગતાં કે આથમતાં સૂર્યનું સૌંદર્ય, ચાંદની રાતની શીતળતા, સૂમસામ રાતનું સંગીત, ઊંચા ઊંચા પર્વતોની ભવ્યતા, વહેતા ઝરણાનો કલરવ, હવાનો મધુર સ્પર્શ કે ભીની માટીની સોડમ માણી શકે નહિ તે એટલાં પ્રમાણમાં સુખી થવાની ક્ષમતા ગુમાવી દે છે. સુખી સ્વભાવની વ્યક્તિ ધનવાન હોય કે નિર્ધન, કુદરતના સૌંદર્ય અને ભવ્યતાને જોઈને આનંદવિભોર થઈ જાય છે''.

– મોહમ્મદ માંકડ



For More Papers Visit www.VisionPapers.in

32) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]

- રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા

  મુદ્દા :- પ્રસ્તાવના - ભારતમાં એકતાનું રૂપ - પ્રાંતવાદનું ઝેર - એકતાનું મહત્ત્વ - વિદેશી આક્રમણો અને રાષ્ટ્રીય એકતા - એકતા માટે જરૂરી પ્રયાસો - દેશવાસીઓની સમજદારી - ઉપસંહાર.

અથવા

- વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો.

  મુદ્દા :- પ્રસ્તાવના - વૃક્ષોની ઉપયોગિતા - વસ્તી વધારા સાથે ઊભા થયેલા પ્રદુષણના પ્રશ્નો - પ્રદુષણના પ્રશ્નોનો ઉકેલ - ઉપસંહાર.

અથવા

- પ્રવાસનું જીવનઘડતરમાં સ્થાન.

  મુદ્દા :- પ્રસ્તાવના - જીવનઘડતરમાં પ્રવાસનું સ્થાન - પ્રવાસના ફાયદા - પ્રવાસ પ્રત્યક્ષ જ્ઞાનનો ખજાનો - સૌંદર્ય દૃષ્ટિનો વિકાસ - વિશાળ જન સંપર્ક - સાહસિકવૃત્તિનો વિકાસ - એકાગ્રતા, સહનશીલતા કેળવણીની ખીલવણી - આધ્યાત્મિક મૂલ્ય - ઉપસંહાર.

VisionPapers.in



For More Papers Visit www.VisionPapers.in